અપીલ અરજી નં.૮૩ તા.૧૧–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કે. એ. ધીવાલા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કે. એ. ધીવાલાની તા.૨૯–૩–૧૧ ની અરજીથી મુદ્દા નં.૧ વોર્ડ નં.૧૨/૧૩૫૨ પૈકીના ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ વાળા ટેનામેન્ટ ટ્રસ્ટના કબજામાં આવતા તા.૮–૧૨–૦૬ ના ટ્રસ્ટી ધ્વારા રેકર્ડ ઉપરથી દુર કરવા અરજી આવેલ હતી. સદર ટેનામેન્ટ રેકર્ડ ઉપરથી કઈ તારીખે દુર (ડીલીટ) કર્યુ તેની માહિતિ વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૧૧–૫–૧૧ ની **SMC/FAP/** નં.૮૩/૨૦૧૧–૧૨

શ્રી કે. એ. ધીવાલાની તા.૨૯–૩–૧૧ ની અરજીથી મુદ્દા નં.૧ વોર્ડ નં.૧૨/૧૩૫૨ પૈકીના ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ વાળા ટેનામેન્ટ ટ્રસ્ટના કબ્જામાં આવતા તા.૮–૧૨–૦૬ ના ટ્રસ્ટી ધ્વારા રેકર્ડ ઉપરથી દુર કરવા અરજી આવેલ હતી. સદર ટેનામેન્ટ રેકર્ડ ઉપરથી કઈ તારીખે દુર (ડીલીટ) કર્યુ તેની માહિતિ વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતિ આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.એ.આર.ડી/૧૯૧ તા.૨૯–૪–૧૧ થી આપેલ માહિતિ સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ મુદ્દા નં.૩ અને ૪ અંગે સર્વયરના રીપોર્ટની નકલો સહિત અરજદારે નિયત ફી ભરી નકલો મેળવેલ છે કે કેમ? તેની વિગતો સાથે પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વધુમાં સરખી બાબતે અગાઉ અરજદારે અરજી કે અપીલ કરેલ હોય તો તે અંગે લેવાયેલ નિર્ણય તથા દફતરી તપાસણી જો અપાયેલ હોય તો તેની વિગતો પણ ચકાસી મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૫૩ તા.૨૪–૫–૧૧ થી થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં ખોટી માહિતિના દાવાના સમર્થનમાં આધાર રજુ કરવા તથા જાહેર માહિતિ અધિકારીના પ્રસ્તાવ અનુસાર ફી ભરપાઈ કરી નકલો મેળવેલ છે કે કેમ? તે મેળવ્યા બાદ શું નારાજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. પરંતુ અરજદારની અપીલ અરજી સાથે સેન્ટ્રલઝોન ખાતેથી તા. ૩–૨–૧૦ ના રોજ અરજદારને પાઠવેલ પત્રની નકલ, તા.૨૫–૨–૧૦ તથા ૨૯–૬–૧૧ ના રોજના ટેનામેન્ટના પાર્ટી સ્ટેટસની નકલ ,અરજદારને આપેલ માહિતી પત્ર નં. ૧૯૧ તા.૨૯–૪–૧૧ થી નકલ સામેલ થઈ આવેલ છે.

અરજદારની તા.૨૯–૩–૧૧ ની અરજીથી ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧,૩૦,૩૧ ના ટેનામેન્ટોના કબ્જેદારોની વિગતો માંગતી મુદ્દા નં.૧ થી ૬ ની અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/૧૯૧ તા.૨૯–૪–૧૧ થી દિન–૨ ના વિલંબથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારે આપેલ માહિતી સંતોષકારક ન હોઈ સંતોષકારક માહિતી આપવા તથા ખોટી અને ગેરમાર્ગે દોરતી માહિતી આપ્યાનું જણાવી તા.૧૧–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૧ વોર્ડ નં.૧૨/૧૩૫૨ પૈકીના ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ વાળા ટેનામેન્ટ ટ્રસ્ટના કબ્જામાં આવતા તા.૮–૧૨–૦૬ ના ટ્રસ્ટી ધ્વારા રેકર્ડ ઉપરથી દુર કરવા અરજી આવેલ હતી. સદર ટેનામેન્ટ રેકર્ડ ઉપરથી કઈ તારીખે દુર (ડીલીટ) કર્યુ તેની માહિતિ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટેના ન.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ વાળી મિલ્કત તા.૧–૧૨–૦૬ થી આકારણી દફતરેથી રદ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ આપની માહિતી અનુસાર ૧૨એ–૦૯૩૧–૦–૦૧૧ ટેનામેન્ટ રીપેરી કરી ગર્ડર ચેનલવાળુ ટેનામેન્ટ જે ૧૨×૧૨ ફુટનું હતુ તે ૧–૪–૦૭ ની અસરથી આકારણી દફતરે દાખલ થયુ તો આકારણી દફતરે તા.૮–૧૨–૦૬ ના ડીલીટ માટે અરજી આપી હતી. તે ફરી દાખલ કરવા અરજી આપવી પડે? માહિતી આપશો અને જો આકારણી દફતરે દાખલ કરવા અરજી આવી હોય તો કઈ તારીખે અરજી આપી. જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટેના ન.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ વાળી મિલ્કત કે જે આકારણી દફતરે ૧૨×૧૨ ફુટનું અગાઉથી ચાલી આવેલ હતું કે જેમાં સરદારખા કાશમખાના નામે ભાડુત તા.૧–૧૨–૦૬ થી કમી થતાં સદર જગ્યા ટ્રસ્ટના કબ્જા ભોગવટા હેઠળના ટેના નં.૧૨એ–૧૫–૯૩૧–૦–૦૦૧ માં આમે જ કરવામાં આવેલ છે. સદરહુ માપ ફરી દાખલ કરવા માટે અલાયદી અરજી આપવાની હોતી નથી. તેથી અરજીની નકલ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) ઉપરોકત ટેનામેન્ટ ૧૨એ–૧૫––૦૯૩૧–૦–૦૧૧ આપની માહિતી પ્રમાણે રીપેરીંગ કરી ગર્ડર ચેનલવાળુ બનાવેલ છે તો ગર્ડર ચેનલવાળા કેટલા રૂમ બનાવેલ છે માપ લંબાઈ×પહોળાઈ તે બનેલા રૂમનું માપ જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટેના ન.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ ને રીપરીંગ કરી ગર્ડર ચેનવાળો એક રૂમ હતો જેનું માપ ૧૨×૧૨ હતું તેવું

જણાવેલ છે. અરજદારે અપીલમાં મુદ્દા નં.૩ બાબતે ૧૨/૧૩૫૨ વાળી મિલ્કતમાં ટેના નં.૧૨એ–૧૦–૦૯૩૧–૦૧૧ આપે માહિતી પ્રમાણે રીપેરીંગ કરી ગર્ડર ચેનલવાળુ બનાવેલ છે તો ગર્ડર ચેનલવાળા કેટલા રૂમ બનાવેલ છે માપ લંબાઈ તેમજ પહોળાઈ તે બનાવેલ રૂમની જાણવા માંગણી કરેલ હતી જે અંગે પત્ર નં.૧૯૧ તા.૨૯ –૪–૧૧ થી પૂર્તતા જવાબમાં જણાવેલ છે કે ૧૨એ–૧૫–૯૩૧–૦–૦૧૧ રીપેરીંગ કરી ગર્ડર ચેનલવાળો એક રૂમ હતો તેનું માપ ૧૨×૧૨ નું હતું. આ ટેનામેન્ટ નંબર ૦૧૧ રીપેરીંગ થયા પછી તા.૧–૪–૦૭ ના અસરથી આકારણી દફતરે ૧૨એ–૧૫–૯૩૧–૦૦૧ વાળી મિલ્કતમાં ઉમેરવામાં આમેજ કરવામાં આવેલ છે અને સદરહુ કાચા બાંધકામને રીપરીંગ કરી ગર્ડર ચેનલવાળુ ભોંયતળીયાનું બાંધકામ કરવામાં આવેલ છે. તેમ આકારણી અને વસુલાત વિભાગે પત્ર નં.૧૩૬ તા.૩–૨–૧૦ થી માંગેલ માહિતીના જવાબમાં જણાવેલ હતું કે રીપેરીંગ થયા બાદ તા.૧–૪–૦૭ થી આકારણી વસુલાત વિભાગને આકારણી દફતરે દાખલ થયેલ છે. રૂમોનું માપ (૧) ૧૨×૧૨ ફુટનું (૨) ૫×૮ (૩) ૧૫×૧૮ ફુટ પત્ર ધ્વારા જણાવેલ હતું તે પત્રનું બીડાણ આ સાથે મોકલું છું તો તા.૨૯–૪–૧૧ ના પૂર્તતામાં અમોને માંગેલી માહિતીના જવાબમાં જણાવવામાં આવેલ કે આ માપ ૧૨×૧૨ માપ હતું તે માપની ખોટી જાણકારી આપેલ છે. અને ઉપરોકત ત્રણેય રૂમો ગેરકાયદેસર પ્લાન કે રજાચિઠ્ઠી મેળવ્યા વગર બનાવેલ છે. આપેલા પુરાવા ઉપરથી સાબિત થાય છે કે ઉપરોકત ત્રણ ભોંયતળીયાના પાકા બાંધકામો ગેરકાયદેસર જાહેર કરી દુર કરવા ફરમાવશો અને ખોટી માહિતી સામે કાનુની કાર્યવાહી કરવા હુકમ કરશો. તેવી રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ અરજદારને ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ માં રીપેરીંગ કરી ગર્ડર ચેનલવાળો એક રૂમ જેનું માપ ૧૨×૧૨ હતું તેવું જણાવેલ છે. અને જેની માહિતી અરજદારને સદર અરજી સંદર્ભે પત્ર નં.૧૯૧ તા.૨૯–૪–૧૧ ના રોજ પૂરી પાડી જણાવેલ છે. જેને અરજદારે અપીલની રજૂઆતમાં અનુમોદન આપેલ છે. સદર માપ મિલ્કત , ટેના નંબર ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ માં ૦૧૧ આમે જ કરી એઆરડી/૧૩૬ તા.૩–૨–૧૧ માં આપેલ જવાબ સાથે દર્શાવેલા માપ ૧૨×૧૨ ,૫×૮ અને ૧૫×૧૮ ફુટ જણાવેલ છે. જેનું બીડાણ અરજદારે અપીલમાં રજૂ કરેલ છે. જેમાં અરજદારે ૧૨×૧૨ નું માપ ખોટું માપની જાણકારી આપેલ છે તેવી રજૂઆત કરેલ છે તેને સમર્થન મળતું નથી. કારણકે જાહેર માહિતી અધિકારીએ ૧૨×૧૨ નું જે માપ જણાવેલ છે જે ૦૧૧ ટેનામેન્ટનું જણાવેલ છે. જયારે ત્રણ માપો જણાવેલ ૦૦૧ તે મિલ્કતમાં ૦૧૧ આમે જ કર્યા બાદના માપો જણાવેલ છે. તેથી ખોટી માહિતીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં અરજદારે ત્રણ રૂમોના ગેરકાયદેસર બાંધકામ અંગેની રજૂઆત અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી ઉપસ્થિત કરેલ છે. તથા તેમાં માહિતી માંગણી નહીં પરંતુ કાર્યવાહી હાથ ધરવાન લગતી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.(૪) ઉપરોકત ટેનામેન્ટ રીપેરીંગ કરી ગર્ડર ચેનલવાળુ બનેલ છે તે બન્યા બાદ વોર્ડ નં.૧૨ ના સર્વેયર સાહેબ સર્વે કરવા અથવા ખરાઈ કરવા સ્થળ ઉપર કઈ તારીખે ગયા હતા? જાણકારી આપશો અને સ્થળ તપાસના રીપોર્ટની કોપી અમોને આપવા મે. કરશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત સદર ટેનામેન્ટ રીપેરીંગ કરી ગર્ડર ચેનલવાળુ બન્યા બાદ વોર્ડ નં.૧ ના સર્વેયરથી સ્થળ તપાસ કરવા ગયેલ અને તા.૨૪–૨–૧૦ ના રોજ રીપોર્ટ રજૂ કરેલ હતો તેની નકલ નંગ રૂા.૪/– ભર્યેથી મેળવી શકાશે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ ૧૨/૧૩૫૨ વાળી મિલ્કત પૈકીમાં આવેલ ટેના નં.૧૨એ–૧૫ –૦૯૩૧–૦–૦૩૦ ના કબ્જેદાર ભોગવટો કરનાર સૈયદ મહંમદ અબ્બાસ તા.૧–૪–૦૭ થી મ્યુ. દફતરે દાખલ છે. તે અગાઉ આ ટેનામેન્ટના કબ્જેદાર ભોગવટો કરનાર કોણ હતો? અને કેટલા વર્ષોથી હતો? અને આ ટેનામેન્ટ નંબરમાં ફેરફાર તા.૧–૪–૦૭ પહેલા થયો હોય તો તેની માહિતી આપશોજી એટલે કે જુના ટેનામેન્ટ નંબર જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટેના ન.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૩૦ ના કબ્જેદાર/ભોગવટો કરનાર સૈયદ અબ્બાસ તા.૧–૪–૦૭ થી આકારણી દફતરે દાખલ છે આ ટેનામેન્ટ નંબર તા.૧–૪–૦૭ થી નવો દાખલ કરવામાં આવેલ છે. જેથી તે અગાઉના કબ્જેદાર/ભોગવટો કરનાર જે કેટલા વર્ષોથી હતાં તથા આ ટેનામેન્ટમાં ફેરફાર થયો હોવાની માહિતી વિગેરે અંગે કોઈ પણ માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ ૧૨/૧૩૫૨ વાળી મિલ્કત પૈકી ટેનામેન્ટ નં.૧૨એ–૧૫–૦૯૩૧ –૦–૦૩૧ વાળો ટેનામેન્ટના કબ્જેદાર ભોગવટો કરનારનું નામ સલીયા સૈયદ મહંમદ અબ્બાસ તા.૧–૪–૦૭ થી મ્યુ. દફતરે દાખલ છે તો આ ટેનામેન્ટ તા.૧–૪–૦૭ અગાઉના કબ્જેદાર ભોગવટો કરનાર કોણ હતા? અને તે અગાઉના ભોગવટો કરનાર કેટલા વર્ષોથી હતા? અને આજ ટેનામેન્ટનો તા.૧–૪–૦૭ અગાઉ બીજા કોઈ ટેનામેન્ટ નંબર હોય તો તે પણ જાણકારી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટેના ન.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૩૧ ના કબ્જેદાર/ભોગવટો કરનાર સબીયા સૈયદ અબ્બાસ તા.૧–૪–૦૭ થી આકારણી દફતરે દાખલ છે આ ટેનામેન્ટ નંબર તા.૧–૪–૦૭ થી નવો દાખલ કરવામાં આવેલ છે. જેથી તે અગાઉના કબ્જેદાર ભોગવટો કરનાર કે કેટલા વર્ષોથી હતાં તથા ટેનામેન્ટ નંબરમાં ફેરફાર થયો હોવાની માહિતી વિગેરે અંગે કોઈ પણ માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેવું જણાવેલ છે. અરજદારે અપીલમાં મુદ્દા નં.૫ અને ૬ માં તા.૧–૪–૦૭ થી નવા ભાડુઆત ૧૨એ–૧૫–૯૩૧–૦૩૦ અને ૦૩૧ દાખલ થયેલ છે તો જુના કબ્જેદાર ભોગવટો કરનાર કેટલા વર્ષોથી હતાં ટેના મેન્ટ નંબરમાં ફેરફારની કોઈ પણ માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તો ઉપર જણાવેલ બંને ટેનામેન્ટ આશરે ૩૦ વર્ષ પહેલા બનેલા હતા અને જુના હયાત ટેના મેન્ટ નબંરો તા.૧–૪–૦૭ થી નવા ભાડુઆત આવેલ છે તો જુના ભાડુઆત કોણ હતાં કેટલા વર્ષોથી જુના ભાડુઆત હતા તે તા.૧–૪–૦૭ પહેલાના ભાડુઆતના નામ ફેરફાર અને જુના ભાડુઆત કેટલા વર્ષોથી અગાઉ હતા તેની માહિતી અપાવવા રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ તા.૧–૪–૦૭ થી ભોગવટો કરનાર કબ્જેદાર ના ટેનામેન્ટ નંબરની વિગતો આપેલ છે તથા તે ટેનામેન્ટ નંબર ૧–૪–૦૭ થી નવો દાખલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. મુખ્ય તકરારી મુદ્દો અરજદાર પક્ષે આ ટેનામેન્ટના ત્રીસ વર્ષ પહેલા બનેલ હોય તેમાં જુના ભાડુઆત કોણ હતા તેની માહિતી નહીં મળ્યાનું છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૦૩–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ૪ ની અપાયેલ માહિતી બાબતે કોઈ તકરાર નથી. મુદ્દા નં.૫ અને ૬ અંગે જાહેર માહિતી અધિકારીએ તા.૧–૪–૦૭ થી ટેનામેન્ટ નંબર પડેલ હોવાનું જણાવેલ છે. જયારે અરજદારનો દાવો ત્રીસ વર્ષ પૂર્વે બનેલાનો છે જેને અનુલક્ષી અરજદાર આ બે મુદ્દા પરત્વે જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી સંબંધિત આકારણી દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે કરવા સ્વતંત્ર છે અને તેમ કરી જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે.

અરજદારે આવી માંગણી થયે હુકમની અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૬–૨૦૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ)ઝોન) ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી કે.એ. ધીવાલા ,